# Tripura receives first ever inland shipping cargo from Bangladesh

September 03, 2020

## ત્રિપુરા સૌપ્રથમ વખત બાંગ્લાદેશથી જમીન પરનાં જળમાર્ગે માલસામાન મેળવે છે

સપ્ટેમ્બર 03, 2020

ડાઉકાન્ડી (બાંગ્લાદેશ) - સોનામુરા (ત્રિપુરા) ઈનલેન્ડ વોટરવે પ્રોટોકોલ રૂટ કાર્યરત થયા બાદ, આજે ભારત અને બાંગ્લાદેશ વચ્ચેનાં સંબંધોએ એક અન્ય સિમાચિહ્ન હાંસલ કર્યું છે.

બાંગ્લાદેશનું માલવાહક જહાજ એમબી પ્રીમિયર સીમેન્ટ લઈને 03 સપ્ટેમ્બર, 2020 નાં રોજ ડાઉકાન્ડીથી રવાના થયું હતું અને ગોમતિ નદી પર 93 કિલોમીટરનો પ્રવાસ કરીને 05 સપ્ટેમ્બર, 2020 નાં રોજ સોનામુરા આવી પહોંચશે. આ જમીની જળમાર્ગે બાંગ્લાદેશથી ત્રિપુરા આવનારી સૌપ્રથમ નિકાસ કન્સાઈન્મેન્ટ બનશે. ત્રિપુરાનાં મુખ્યમંત્રી શ્રી બિપ્લવ કુમાર દેવ અને બાંગ્લાદેશમાં ભારતનાં હાઇ કમિશનર શ્રીમતિ રિવા ગાંગુલી દાસની હાજરીમાં આ માલસામાનને સોનામુરામાં મેળવવામાં આવશે.

બાંગ્લાદેશ સાથે એકંદર દ્વિપક્ષીય વ્યાપારને વધુ સુવિધા આપવા સાથે, આ નવો પ્રોટોકોલ રૂટ કાર્યરત થવાથી, સસ્તો, ઝડપી, સુરક્ષિત અને પર્યાવરણને સાનુકૂળ પરિવહનનો માર્ગ પ્રદાન થશે અને બન્ને પક્ષે સ્થાનિક સમુદાયોને નોંધપાત્ર આર્થિક લાભો મળશે.

ભારત અને બાંગ્લાદેશ વચ્ચે, ખાસ કરીને ભારતનાં ઉત્તર પૂર્વિય પ્રાંતને, જમીની જળમાર્ગો પ્રદાન કરવા અને દ્વિપક્ષીય વ્યાપાર વધારવા માટે પણ 1972 માં ભારત અને બાંગ્લાદેશ વચ્ચે પ્રોટોકોલ ફૉર ઈનલેન્ડ વૉટર ટ્રેડ એન્ડ ટ્રાન્ઝિટ (PIWTT) પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. છેલ્લા એક વર્ષમાં, આ પ્રોટોકોલ રૂટ પર ભારત અને બાંગ્લાદેશ વચ્ચે અંદાજીત 3.5 મિલિયન મેટ્રિક ટન માલસામાનનું પરિવહન કરવામાં આવ્યું હતું. વધારાનાં રૂટ અને ઉતરાણ બંદરોનાં સમાવેશ સાથે 20 મે, 2020 નાં રોજ PIWTT નાં 2જા પરિશિષ્ટ પર હસ્તાક્ષર કરવાથી PIWTT નાં વ્યાપમાં વધુ વિસ્તરણ કરવામાં આવ્યું છે. પ્રોટોકોલમાં ગોમતિ નદીનાં સોનામુરા - દૌડકાંડી પટ્ટાનો (93 કિમી) નવા રૂટ તરીકે સમાવેશ ત્રિપુરા અને પાડોશી રાજ્યોની ભારત અને બાંગ્લાદેશનાં આર્થિક કેન્દ્રો સાથેની કનેક્ટિવિટીમાં સુધારો કરશે અને બન્ને દેશોનાં અંતરિયાળ ભાગોમે મદદ કરશે.

**નવી દિલ્હી**
**સપ્ટેમ્બર 03, 2020**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.